SAMAJ GOSHTHI

# સમાજગોષ્ઠિ

April - 2022



ચમોસ કેળવણી મંડળ દ્વારા દિલાવર દાતાશ્રી રમણભાઈ એસ. પટેલને દાન ભાસ્કર એવોર્ડ એનાયત



ચમોસ કેળવણી મંડળ દ્વારા દિલાવર દાતાશ્રી વિરેન્દ્રભાઈ પટેલને દાન ભાસ્કર એવોર્ડ એનાયત

## સમાજનાં ત્રણ વિરાટ પગલાં...

| સમૂહલગ્નોત્સવ | ચારુસેટ યુનિવર્સિટી | ચારુસેટ હૉસ્પિટલ |
| --- | --- | --- |

# CHARUSAT

अमृतं तु विद्या

CHAROTAR UNIVERSITY OF SCIENCE AND TECHNOLOGY

Recognized Under Section 2F of UGC Act 1956

**CENTER OF EXCELLENCE** in principle awarded by Government of Gujarat

Only University in Gujarat to have **5 institutes in TOP 5** GSIRF Rankings - 2021

**1ST PRIVATE UNIVERSITY IN GUJARAT TO RECEIVE "A" GRADE BY NAAC IN ITS FIRST CYCLE**

*High Moral Values of*

***Honesty, Integrity & Transparency***

## Faculties and Institutes @ CHARUSAT

**Faculty of Technology & Engineering ▶ B. Tech • M. Tech • Ph.D**

Computer Engineering / Electronics & Communication Engineering / Civil Engineering / Information Technology / Mechanical Engineering / Electrical Engineering / Computer Science & Engineering

Chandubhai S Patel Institute of Technology
Patronized by Sumitraben C Patel (Pharma Industrialist, USA)

Devang Patel Institute of Advance Technology and Research
Patronized by Shri Devang Patel, Scion of IPCO Family

**Faculty of Computer Science and Applications ▶ BCA • B.Sc. IT • MCA • M.Sc. IT • Ph.D**

Smt. Chandaben Mohanbhai Patel Institute of Computer Applications
Patronized by Dr. M. I. Patel, an industrialist of repute & Former Sheriff, Mumbai

**Faculty of Sciences ▶ B. Sc. • M. Sc. • Ph.D**

B.Sc.: Biotechnology / Microbiology / Biochemistry / Chemistry (Hons.)/ M.Sc.: Biotechnology / Microbiology / Biochemistry / Physics / Advance Organic Chemistry / Mathematics

P D Patel Institute of Applied Sciences (24th Rank @ NIRF, Govt. of India)
Patronized by Shri P D Patel, Emirates Transformer & Switchgear Ltd., Dubai

**Faculty of Management Studies ▶ BBA • MBA • Ph.D**

Indukaka Ipcowala Institute of Management
Patronized by IPCO Industries - A Business House of repute

**Faculty of Pharmacy ▶ B. Pharm • M. Pharm • Ph.D**

Ramanbhai Patel College of Pharmacy
Patronized by Pharma Giant Zydus Cadila Healthcare Ltd.

**Faculty of Medical Sciences**

**Manikaka Topawala Institute of Nursing ▶ B. Sc.• GNM •M. Sc.•Ph.D**
Patronized by Sumitraben C. Patel & Jyotsnaben H. Patel, USA

**Ashok & Rita Patel Institute of Physiotherapy ▶ BPT • MPT • Ph.D**
Patronized by Shri Ashok C. Patel, Businessman, USA

**Bapubhai Desaibhai Patel Institute of Paramedical Sciences**
Patronized by Shri Rajendra B. Patel (Engineer) & Family, USA

B.Sc. in Medical Imaging Technology / Operation Theatre & Anesthesia Technology / Medical Laboratory Technology / Bachelor of Optometry


M.Sc. in Medical Laboratory Technology / Medical & Imaging Technology
P.G. Diploma in Medical Laboratory Technology / Clinical Hypnosis • Ph.D

## Stellar Features of CHARUSAT

- 120 Acres of Lush Green Campus
- Selected as one of 4 Universities under DASA Scheme of Government of India for Admission of Foreign Students
- 24 hours 1150 MBPS Internet Facility and Wi-Fi- Free
- Distinguished Qualified Faculty
- More than 150 Hi-tech Teaching and Research Labs accessible 24 Hours
- Exclusive Fitness Centre, Gymnasium, Indoor and Outdoor Sports Facilities
- Student Well-ness Program

**72+ UG, PG & Ph D Programs** | **8000+ Students Pursuing Education** | **300+ Industries & Organisations Associated** | **10000+ Students Placed** | **80+ Entrepreneurs Created** | Clinical Exposure @ 150 Bed NABH Accredited CHARUSAT Hospital

"I am happy to know that CHARUSAT has a goal set for mission of social upliftment with components of knowledge acquisition and imparting education."



**Dr. APJ Abdul Kalam**
Former President of India
Architect of Missile Program of India



"CHARUSAT is indeed a Golden Truth of Gujarat."
**Shri Narendra Modi**
Hon. Prime Minister of India

## Centres and Cells at CHARUSAT

International Center for Cosmology
Frontier research on the nature and structure of the Universe

CHARUSAT Space Research & Technology Centre
Research / Projects in Satellite Technology with ISRO, IPR & IRDE

Dr. K. C. Patel Research & Development Centre
Research in Solar Cells, Solar Power Systems, Nano-Drug Delivery, Bio-Sensors, Electronic Composite Sensors and more

Pramukh Swami Centre of Excellence in Renewable Energy
Research in Renewable Energy and Resources which can naturally be replenished

Pri. B. I. Patel Human Resource Development Centre
All-round development of Human Resource

CHARUSAT Rural Education Development Program
A unique program for the amelioration of school education in rural areas

## Research, Collaborations & Projects

- Harrisburg University, USA
- Technische Universitat, Dresden, Germany
- PCSD @ OECD, France
- Slovenian Academy of Sciences
- Synergy University, Russia
- AIMST University, Malaysia
- Chonnam National University, Gwangju, South Korea
- University of Bielsko-Biala, Poland
- Institute for Systems & Computer Engineering, Technology & Science, Portugal
- Department of Science &Technology, Government of India
- Bhabha Atomic Research Center, Government of India
- ISRO, Government of India
- Defence Research & Development Organization, India
- UGC - DAE Consortium for Scientific Research, New Delhi
- All India Council for Technical Education, Government of India
- Gujarat Electronics & Software Industries Association
- Gujarat Council on Science & Technology, Government of Gujarat
- Nursing Research Society of India
- Department of Biotechnology, Government of India
- Gujarat Social Infrastructure Development Society, (GSIDS)
- Zydus Research Center
- Frige House - Institute of Human Genetics
- Central Salt And Marine Chemicals Research Institute, Bhavnagar

*and many more...*

CHRF
**CHARUSAT HOSPITAL**
Care with compassion...

**150 Bed NABH Accredited Multispecialty Teaching Hospital**

**CONTACT US :**
**Charotar University of Science & Technology**
CHARUSAT Campus - Changa, Off Nadiad-Petlad Highway
PIN-388421 GUJARAT, INDIA
Ph +91-2697-265011/21
E-mail: info@charusat.ac.in

**Aegis:** Shri Charotar Moti Sattavis Patidar Kelavani Mandal
**President:** Shri Surendra M. Patel • **Secretary:** Dr. M. C. Patel

www.charusat.ac.in

# શ્રી ચરોતર મોટી સત્તાવીસ લેઉઆ પાટીદાર સમાજ - માતૃસંસ્થા

**સમાજનાં ત્રણ વિરાટ પગલાં...** સમૂહલગ્નોત્સવ | ચારૂસેટ યુનિવર્સિટી | ચારૂસેટ હૉસ્પિટલ

સ્થાપના : સંવત ૧૯૫૧ જેઠ સુદ ૧૨, સોમવાર, તા. ૦૪/૦૬/૧૮૯૫ નોંધણી ક્રમાંક : એફ/૩૯૫/ખેડા • તા. ૪/૬/૧૯૮૭
બંધારણીય માળખાની રચના : તા. ૩૧/૫/૧૯૮૭ નવો નંબર : એફ/૨૫૪/આણંદ ગુજ./૫૮૭/ખેડા • તા. ૨૯/૮/૧૯૮૭

## માનદ્ મેનેજમેન્ટ ટીમ (૨૦૧૭-૨૦૨૨)

પૂર્વ પ્રમુખ : **શ્રી બેચરભાઈ મોતીભાઈ પટેલ** (ચકલાસી)
**શ્રી છોટાભાઈ ભીખાભાઈ પટેલ** (મલાતજ)

પ્રમુખશ્રી : **શ્રી નગીનભાઈ એમ. પટેલ** (ચકલાસી)

ઉપપ્રમુખ : **શ્રી નવનીતભાઈ એચ. પટેલ** (અજરપુરા)
**શ્રી વી. એમ. પટેલ** (બાંધણી)

મંત્રી : **ડૉ. એમ. સી. પટેલ** (ખાંધલી)

સહમંત્રી : **પ્રિ. ધીરૂભાઈ સી. પટેલ** (બાકરોલ)
**શ્રી ગિરીશભાઈ બી. પટેલ** (મહુધા)

ખજાનચી : **પ્રિ. શ્રી રમણભાઈ વી. પટેલ** (મહુધા)

### ટ્રસ્ટીશ્રીઓ :

૧. **શ્રી દિપકભાઈ સી. પટેલ (સાથી)** (આણંદ)
૨. **શ્રી જશભાઈ પી. પટેલ** (ચકલાસી)
3. **શ્રી ચંદ્રકાન્તભાઈ એમ. પટેલ** (બાકરોલ)
૪. **શ્રી દિલીપભાઈ આર. પટેલ** (પીપળાવ)
૫. **શ્રી ભાસ્કરભાઈ એમ. પટેલ** (મહેળાવ)

### દાતા ટ્રસ્ટીશ્રીઓ :

૧. **શ્રી કમલેશભાઈ છોટાભાઈ પટેલ** (મલાતજ)
૨. **શ્રી ભગુભાઈ પરસોત્તમભાઈ પટેલ** (ડભાણ)
3. **ડૉ. મુકુંદભાઈ ડાહ્યાભાઈ પટેલ** (આણંદ)
૪. **શ્રી ઘનશ્યામભાઈ ઉમેદભાઈ પટેલ** (પીપલગ)

### ઈન્ટરનલ ઑડિટર

**શ્રી પ્રિતેશભાઈ એમ. પટેલ** (રામોલ)

### વિવિધ પેટા સમિતિ :

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | **શ્રી છોટાભાઈ ભીખાભાઈ પટેલ છાત્રાલય** | કન્વીનર | શ્રી કાન્તિભાઈ બી. પટેલ | (નરસંડા) |
| ૨ | **પ્રમુખ સ્વામિ સાંસ્કૃતિક કેન્દ્ર-સમાજવાડી, પીપલગ** | કન્વીનર | શ્રી ચિરાગભાઈ આર. પટેલ | (પીપલગ) |
| 3 | **સમૂહલગ્ન સમિતિ** | કન્વીનર<br>કા. કન્વીનર | શ્રી મહેન્દ્રભાઈ જી. પટેલ<br>શ્રી ચંદ્રકાન્તભાઈ એમ. પટેલ | (ચાંગા)<br>(બાકરોલ) |
| ૪ | **મેરેજ બ્યુરો સમિતિ** | કન્વીનર | શ્રી ભાનુભાઈ એસ. પટેલ | (આણંદ) |
| ૫ | **લગ્નોત્સુક પસંદગી સમિતિ** | કન્વીનર | શ્રી ભગુભાઈ એ. પટેલ | (પણસોરા) |
| ૬ | **યુવા ઉત્કર્ષ સમિતિ** | કન્વીનર | શ્રી કલ્પેશભાઈ કે. પટેલ | (ડુમરાલ) |
| ૭ | **મહિલા ઉત્કર્ષ સમિતિ** | કન્વીનર | શ્રી ભારતીબેન પી. પટેલ | (અજરપુરા) |
| ૮ | **'સમાજગોષ્ઠિ' સમિતિ** | કન્વીનર | પ્રા. ડૉ. શરદભાઈ કે. પટેલ | (નરસંડા) |
| ૯ | **પ્રચાર પ્રસાર સમિતિ** | કન્વીનર | શ્રી અશ્વિનભાઈ વિ. પટેલ | (નાપાડ) |
| ૧૦ | **સખાવતનાં વાવેતર પ્રકાશન શ્રેણી** | કન્વીનર | પ્રિ. રમણભાઈ વિ. પટેલ | (મહુધા) |


## માતૃસંસ્થાનું મધ્યસ્થ કાર્યાલય

**શ્રી છોટાભાઈ ભીખાભાઈ પટેલ (મલાતજ/મુંબઈ) છાત્રાલય**

C/o. ડી. ઝેડ. પટેલ હાયર સેકન્ડરી હાઈસ્કૂલ, ૮૦ ફુટનો રોડ,
બીગ બજાર સામે, આણંદ-૩૮૮ ૦૦૧.
Email: chhatralayanand@gmail.com

# Honorary Social Management Team (2019-24)


**TRUSTEES**

Shri Naginbhai M. Patel
Shri Dipakbhai C. Patel
Shri Manubhai P. D. Patel
Shri Virendra S. Patel
Shri Chandrakant V. Patel
Shri Vishnubhai V. Patel

**OFFICE BEARERS**

| | | |
|---|---|---|
| President | : | Shri Surendra M. Patel |
| Secretary | : | Dr. M. C. Patel |
| Vice President | : | Shri Chimanbhai A. Patel<br>Shri Kiran I. Patel<br>Shri Ashok R. Patel |
| Jt. Secretary | : | Smt. Madhukanta J. Patel<br>Shri Girishbhai B. Patel<br>Shri Vipulbhai V. Patel |
| Treasurer | : | Shri Girishbhai C. Patel |
| Legal Advisor | : | Shri Hemantbhai J. Patel |

Internal Auditor : Shri Bipinbhai K. Patel

**CONVENERS - SUB COMMITTEES**

| | | |
|---|---|---|
| Construction Committee | : | Shri Chimanbhai A. Patel |
| Land Acquiring Committee | : | Shri J. D. Patel (Dalal) |
| Fund Raising Committee | : | Shri Navnitbhai H. Patel |
| Financial Aid & Prize Distribution Committee | : | Dr. Sharadbhai K. Patel |
| CHARUSAT Financial Aid Distribution Committee | : | Shri Dilipbhai R. Patel |
| Publication Committee | : | Prin. R. V. Patel |
| Public Relations Committee | : | Shri Kalpesh K. Patel |
| CHARUSAT Girls Hostel Conglomerate Committee | : | Smt. Madhukanta J. Patel |
| Education Amelioration Committee | : | Shri Ashokbhai R. Patel |
| Rural Education & Extension Committee | : | Shri Pankajbhai N. Patel |
| N. R. I. Liaison Committee | : | Shri Girishbhai B. Patel |


## Education Campus –Anand

Coordinator : Shri Chirag C. Patel (Radhu)

- D Z Patel (Ramol/London) Higher Secondary School
- Jashkamal (Milcent) Management Training Centre

## Education Campus – Kathlal

Coordinator : Shri Nayan S. Patel

CHARUSAT Vidyalaya

## CHARUSAT Campus -Changa

- Research and Innovation based **CHARUSAT University**
- 450 Bed World-Class Multi-specialty **CHARUSAT Hospital**


**Trust Office:** C/o. Charusat Campus, Changa-388 421, Ta. Petlad, Dist. Anand (Gujarat) India.
Ph:# +91-2697-265011, 265021, Email: moti27kelavanimandal@gmail.com

સળંગ અંક - ૩૧૮

## સમાજગોષ્ઠિ (માસિક)

**મંગલ પ્રારંભ :**
તા. ૦૪/૦૬/૧૯૯૫ માતૃસંસ્થા શતાબ્દી ઉજવણી ટાણે

**આદ્યસંપાદક :**
પ્રિ. આર. વી. પટેલ (પરામર્શક)

**સંપાદક વૃંદ :**

| | |
|---|---|
| પ્રો. ડૉ. શરદભાઈ કે. પટેલ | સંપાદક |
| ડૉ. ભાસ્કર કે. પંડ્યા (ચારૂસેટ) | સભ્યશ્રી |
| પ્રા. ડૉ. હિતેશ એન. પટેલ | સભ્યશ્રી |
| પ્રિ. ઠાકોરભાઈ જે. પટેલ | સભ્યશ્રી |
| પ્રિ. ભૂપેન્દ્ર આર. પટેલ | સભ્યશ્રી |

**પ્રકાશક :**
શ્રી ચ.મો.સ. લેઉઆ પાટીદાર સમાજ - માતૃસંસ્થા વતી ખજાનચી, પ્રિ. આર. વી. પટેલ

**મુદ્રક :**
ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ, સ્ટેશન રોડ, આણંદ
ફોનઃ ૦૨૬૯૨-૨૪૧૨૫૪

**પ્રત :** ૫,૦૦૦

**સંપાદક :**
**પ્રો. ડૉ. શરદભાઈ કે. પટેલ**
ફોનઃ ૦૨૬૯૨-૨૪૮૭૨૨ (ઓ)
શિવ-૯/બી, નાલંદાનગર સોસાયટી,
ટાઉનહોલ પાછળ, આણંદ,

**લવાજમ :**

| | | |
|---|---|---|
| આજીવન સભ્ય : | ભારતમાં | ₹ 2,500/- |
| | અમેરિકા (USA) | $ 500/- |
| | બ્રિટન (UK) | £ 300/- |

લેખ તા. ૨૫ પહેલા સંપાદકના નામે મોકલવા.

અંક ન મળતા સ્થાનિક પોસ્ટ ઑફિસમાં તપાસ કરી કાર્યાલયનો સંપર્ક કરવો.

સરનામું બદલાય તો કાર્યાલયમાં લેખિત જાણ કરવી.

# સમાજગોષ્ઠિ

એપ્રિલ - ૨૦૨૨ | ચૈત્ર - ૨૦૭૮

**સંચાલન સમિતિ :**

| | | |
|---|---|---|
| શ્રી દિનેશ સી. પટેલ | ચારૂસેટ | કન્વીનર |
| શ્રી અનિલ આર. પટેલ | માતૃસંસ્થા-છાત્રાલય | સભ્યશ્રી |
| શ્રી રાકેશ એમ. પટેલ | કેળવણી મંડળ | સભ્યશ્રી |
| શ્રી વિપુલ ભટ્ટ | ચારૂસેટ | સભ્યશ્રી |

## ક્રમિકા

- સંપાદકીય. . . ૬
- Editorial... ૮
- દાતા શ્રી રમણભાઈ શનાભાઇ પટેલને દાનભાસ્કર એવોર્ડ પ્રદાન ૧૧
- અમેરિકાસ્થિત ઉદ્યોગપતિ-દાતા શ્રી વીરેન્દ્રભાઈ પટેલને દાનભાસ્કર એવોર્ડ પ્રદાન ૧૩
- ચારૂસેટ યુનિવર્સિટીમાં સતત આઠમા વર્ષે લિબરલ આર્ટ્સનો વર્કશોપ ૧૬
- ડી. ઝેડ. પટેલ (રામોલ / લંડન) હાયર સેકન્ડરી સ્કૂલ, આણંદ. ૧૭
- ચરોતર યુનિવર્સિટી ઑફ સાયન્સ ઍન્ડ ટૅકનોલૉજી ૧૮
- ચારૂસેટ હૉસ્પિટલ - અહેવાલ ૨૮
- Activities at JMTC ૩૦
- Charotar University of Science & Technology (CHARUSAT) ૩૧
- LIST OF PRIME DONORS: CHARUSAT CAMPUS ૩૨
- CHARUSAT Hospital News Bulletin ૩૪

**Printed by :** Angat Shah **Publisher :** Pri. Ramanbhai V. Patel, **On behalf** Shri Charotar Moti Sattavis Leuva Patidar Samaj - Matrusanstha **Printed At :** Gujarat Printing Press, Anand • Ph: 02692 - 241254 **Published At:** Shri Charotar Moti Sattavis Leuva Patidar Samaj - Matrusanstha **Editor :** Pro. Dr. Sharad K. Patel

## સંપાદકીય...

# લ્યો, ઉનાળો આવી ગયો...

ઋતુચક્ર પ્રમાણે ઉનાળાનું આગમન થઈ ગયું છે. ધોમધખંતો ઉનાળો ગરમીની ઋતુ છે. ઉનાળો છે તો ગરમી તો પડવાની જ. ઉનાળાની ગરમી આપણને અકળાવી મૂકે છે.

ઉનાળામાં જાણે આભમાંથી આગ વરસતી હોય એવી ગરમી પડે છે. જમીન-સડક, રસ્તાઓ ગરમીથી તપી જતા હોય છે. રસ્તાઓ પર માણસોની અવર-જવર ખાસ કરીને બપોરના સમયે ઓછી થઈ જાય છે. લોકો ઘરમાં રહેવાનું વધુ પસંદ કરે છે. ઉનાળાના ઊના ઊના લૂ ભર્યા વાયરા ફુંકાતા હોય છે. ઉનાળાની બપોર એટલે અસહ્ય ઉકળાટ અને ગરમી. ગામડાંની ભાગોળ, ચૌટાં, ગલીઓ, ફળિયું અને શહેરોમાં રાજમાર્ગો સૂમસામ થઈ જાય છે. ઉનાળાની અસહ્ય ગરમીમાં ગામડામાં એકાદ દોડતું કુતરું તેની જીભમાંથી લાળ ટપકાવતું, હાંફતું અહીં-તહીં પાણીની શોધમાં દોડતું નજરે પડે છે. માનવી, પશું કે પક્ષીની ચહલ-પહલ ઓછી થઈ જાય છે. સ્વયંભૂ કરફ્યુ જેવું વાતાવરણ થઈ જાય છે. તળાવો ને નદીઓ સૂકાય છે. જીવન, જળ, પાણીની તંગી વર્તાય છે. ખેતરો નિર્જન ને સૂકાંભઠ્ઠ લાગે છે.

ગ્રીષ્મની અસહ્ય ગરમીથી પ્રાણીમાત્ર ત્રાહિમામ્ પોકારી ઊઠે છે. આકાશમાંથી ઉગ્ર તાપ-ગરમી વરસી રહી હોય ત્યારે સામાન્ય જણ બોલી ઉઠે છે કે, આ વર્ષે તો બહુ જ ગરમી પડી. ભાઈ, ઉનાળો છે તો ગરમી તો રહેવાની જ. દરેક ઋતુને પોતાની આગવી લાક્ષણિકતા, વ્યક્તિત્ત્વ કે પ્રતિભા હોય છે અને તે પ્રમાણે ઋતુનું વાતાવરણ બની રહે છે.

ઉનાળાની ગરમીને લીધે આળસ વધુ આવે છે ને બપોરના ઊંઘ લેવાનું મન થાય છે. જેણે જે અનુકૂળતા આવે તે પ્રમાણે થોડો આરામ કરી લે છે. સુખી સંપન્ન માણસો એર-કન્ડીશનની ઠંડક પસંદ કરે છે તો કોઈ શ્રમજીવી જ્યાં છાંયો મળે ત્યાં થોડો આરામ કરી લે છે. છાંયો વૃક્ષને આભારી છે. વૃક્ષ સૂર્યના ધોમધમતા તાપને સહન કરીને તેના આશ્રયે આવેલાને છાંયા સાથે ઠંડક પણ આપે છે.

❀ દુઃખી છું પણ તને સુખ આપી શકું છું.
છાંયો આપે છે વૃક્ષ, ત્યારે તડકામાં હોય છે.

વૃક્ષ આપણને પરોપકારની શીખ આપે છે. તરૂનો બહુ આભાર, ભાઈ તરૂનો જગ પર બહું આભાર...

વગડામાં ધણને ચરાવવા નીકળેલા ગોવાળિયાઓ વડ, પીપળો, આંબો કે લીમડાના છાંયડામાં વિશ્રામ કરતા નજરે પડે છે. વટેમાર્ગુઓને પણ છાંયડાની જરૂર હોય છે.

❀ છાંયડાની શી ખબર આકાશ ઊંચા તાડને,
એ વિશે તું પૂછ જઈને લીમડાના ઝાડને.

લીમડાનો છાંયડો શીતળ અને આહ્‌લાદક લાગે છે. ઉનાળાની ગરમીમાંથી થોડી રાહત મેળવવા કેટલાક લોકો માથે ટોપી પહેરે છે, કેટલાક માથે ભીનાં પોતાં મૂકે છે. બારી-બારણાં પર ખસની ભીની સાદડીઓ લટકાવવામાં આવે છે. લોકો વીજળીના પંખા, એરકુલર અને એરકન્ડીશનર વડે ગરમી સામે રક્ષણ મેળવે છે. તન અને મનને ટાઢક આપવા માટે લોકો ઠંડા પીણાંની તેમજ આઈસ્ક્રીમની મોજ માણે છે. વટેમાર્ગુઓ માટે પાણીની પરબો મંડાય છે. તો કેટલીક જગ્યાએ નિઃશુલ્ક છાશનું વિતરણ થતું હોય છે. ઉનાળામાં સ્કૂલ-કૉલેજોમાં વૅકેશન હોય છે. કેટલાક લોકો ગરમીથી રાહત મેળવવા માટે માથેરાન, મહાબળેશ્વર કે આબુ જેવા હવા ખાવાના ઠંડકવાળા સ્થળોએ જાય છે.

દરેક ઋતુની આપણી રહેણી-કરણી પર અસર પડે છે. ઉનાળાની ગરમીને લીધે સફેદ, સુતરાઉ કપડાં

વધુ અનુકૂળ પડે છે તો ટેટી, તડબૂચ, દ્રાક્ષ, શેતૂર અને કેરીનો આસ્વાદ અનેરો હોય છે.

ઉનાળાની ગરમીમાં ખાસ કરીને ફાગણ માસમાં કેસુડાના વૃક્ષ પર તેનાં પર્ણ કરતાં લાલ ફૂલો વધુ હોય છે. તેનાં લાલ ચટાક ફૂલો મનોહર લાગે છે ને આ દૃશ્ય આપણને ગમે છે.

❀ આભ ઝરે ભલે આગ
હસી હસી ફૂલ ઝરે ગુલ મહોર -રાજેન્દ્ર શાહ

આ ઋતુમાં ગુલમહોર અને ગરમાળા તેના પુષ્પોથી સુંદર લાગે છે. ઉનાળામાં ખાસ કરીને પીળા પુષ્પો પુષ્કળ પ્રમાણમાં ખીલે છે. પીળો રંગ એ જ્ઞાનના પ્રતીકરૂપ છે ને જ્ઞાનથી વધુ પવિત્ર કંઇ જ નથી.

અન્યના જીવનમાં આફતનો ઉનાળો હોય, મુંઝવણનો ઉકળાટ હોય, સમસ્યાઓનો બફાળો હોય ત્યારે આપણે ગુલમહોર જેવા, લીમડાની શીતળ છાયા જેવા બનીને અન્યના જીવનને શીતળતા બક્ષીએ, સહાયક અને આશ્વાસક બની કંઇક સારું કયાનો સંતોષ મેળવીએ.

**કેટલીક કાવ્ય પંક્તિઓઃ**

❀ વૈશાખ ધોમ ધખ્યે જતો'તો
દહાડો હશે એ કશી કઇ રજાનો
બપોરની ઊંઘ પૂરી કરીને પડ્યાં હતા.
આળસમાં હજી જનો. -રા.વિ.પાઠક

❀ તગતગતો આ તડકો,
ચારેકોર જુઓને કેવી ચગદાઈ ગઈ છે સડકો,
કહો ચરણ ક્યાં ચાલે? એણે એક ન રાખ્યો રસ્તો
- કવિ નિરંજન ભગત

❀ સૂંકા ઝાડ, એકે પરણનું ન હોવું,
કયહીં પણ કશા આવરણનું ન હોવું
સૂરજ પારધી દાંત ભીંસે ગગન પર,
ધરા પર હવાના હરણનું ન હોવું.
- રાજેન્દ્ર શુક્લ

❀ આ ઝાલાવાડી ધરતી,
અહીં ફૂલ કેવળ આવળનાં
અહીં નીર અધિક મૃગજળનાં,
પુષ્પ, પત્ર, પાણી વિણ કાયા,
ઘોર ઉનાળે બળતી - પ્રજારામ રાવળ

❀ જ્યાં જુઓ કઠણ આ અતિ ગ્રીષ્મકાળ,
જ્યાં ત્યાં પડે જગતમાં અતિ તાપ ઝાળ
-દલપતરામ

❀ સૂકાં રણ ને સૂકા વગડા, સૂકાં નાળાં, નદી ને ઝરણાં,
દોડે મૃગજળ દેખી હરણાં, આવ્યો ઉનાળો ધમધખતો.
-ત્રિભોવનદાસ વ્યાસ

જય સમાજ

-પ્રા. ડૉ. શરદ કે. પટેલ

# આગામી સમૂહ લગ્નોત્સવ

શ્રી ચરોતર મોટી સત્તાવીસ લેઉઆ પાટીદાર સમાજ-માતૃસંસ્થા તેના પ્રાંરભથી ક્રાંતિકારી અને અન્ય સમાજને પ્રેરણા આપનાર તેની સમૂહ લગ્નોત્સવની પ્રવૃત્તિથી રાહબર બન્યું છે. સમૂહ લગ્નોત્સવની આ પ્રવૃત્તિ દ્વારા ક્રમશઃ સમાજ એક જૂથ બન્યો અને સૌના સાથ-સહકારથી દર વર્ષે બે સમૂહ લગ્નોત્સવનું આયોજન થતું રહે છે.

આગામી **૧૧૦મો સમૂહ લગ્નોત્સવ** તા. ૨૯/૧૨/૨૦૨૨ના રોજ પાટીદાર સમાજ, પીપળાવના સૌજન્યથી યોજવામાં આવનાર છે. આ માટે માતૃસંસ્થાના કાર્યાલયનો સંપર્ક કરી વહેલા તે પહેલાના ધોરણે સમૂહ લગ્ન માટે નોંધણી કરાવી લેવી.

# Editorial... Re-Skilling the New Normal Workforce

Dear Readers,

It has been more than two years that a miniscule organism transformed the world in an unprecedented manner. We all know, have read and have mentally and physically acclimatized ourselves on the impact of the pandemic in our society and workspaces. We also have assimilated the truth called ‘ new normal’ ,yet a certain uncertainty looms large about the future: not of when will the ‘waves’ end or are vaccinations effective in handling the issue or rather should we brace ourselves for more jabs or in technical terms – booster doses; rather the question is a darker murkier phantom of existential uncertainty which looms large on the future of the generation of virtually trained students and the prospective employees of the companies in terms of what would be expected of them with reference to their job profiles and portfolios in their ‘new normal workspaces. Based on the advent of new workplace terminologies such as ‘work from home’ we can safely assume the new work environment to be ‘hybrid’: a mix of onsite and work from home model with more flexible timings and better work life balance. Yet the question is what are the expectations of the employers/recruiters from their employees in this new normal age ? Are the companies ready for this new revolution and more pertinently is the new age workforce- the fledgling graduates ready to rise up to the expectations of its employers?.

To begin with, contemporary workspaces have now become virtual or semi-virtual, with employees working remotely and synergizing technology with manual effort to create a virtual collaborative work environment. Although the pandemic has been a major game-changer, the companies, in their newest avatar have been striving to work towards business viability and sustainability and simultaneously also nurse the economic ravages afflicted on them due to the pandemic. Further, the ‘work from home’ concept has also imbalanced the fixity of job roles in terms of the equal assignment of workloads. This issue is acute when seen from the perspective of the HR departments who are trained to largely work with people face to face alongside an occasional virtual interaction. The pandemic however, toppled, to say the least ,this dynamics, because people are largely remote and virtual. This in turn affects the relationship and trust mechanism among employees, which formerly existed in almost all companies before the advent of the new normal. This phenomenon, which has been christened as the ‘new normal’ has necessitated many companies to realign their vision and their goals along their expectations from the employees.

A case in point here is Google which launched an initiative named ‘ six certifications’, wherein anyone without a degree or skill completes the courses, earns these certifications and are ready to be hired by any of the major software companies around the world. Another example is the American State University, which focuses on developing ‘skills’ which are necessary for today’s new normal workspace. This educational revolution thus focuses on ‘skills’ than degrees and education thus becomes ‘need oriented’ than curriculum oriented. Education, in the coming ‘new normal’ may not be a crucible for academic excellence and a requisite for landing a high paying job. Conversely, education would be aspirational than a necessity. The focus would be on ‘ skilling’ the employees for a new model-

which can be loosely termed as : Learn, Earn and Work' model. In other words, this model focuses on creating a generation of employees who would be lifelong learners. Education thus does not become a means to earn a job.

The reskilling of the new generation to cater to specific jobs which would be created by the ever transient ' new normal' would be the essence of survival in the coming years especially in the light of the imminent inclusion and incursion of Artificial Intelligence in the new age workspace. , Although in its nascent stage, it still poses the threat to take away anything close of 85 million jobs by 2025 and would add the need for 97 million jobs who would require to be trained differently for the ' New Normal' AI driven world. The education and training infrastructure thus necessitates the creation of 'lifelong learning traits' among the new generation of students who can adapt and evolve with this new scenario which can be termed as 'just- in time learning'.

In his interview with Ravi Kumar S, President, Infosys, on the trends of the post pandemic workplace published in the Corporate Citizen: Contemporary Management Thought in 2021 Pulitzer Prize winner and author Thomas L Friedman opines on the 'new normal' workspace as : "Work is going to be separated from jobs and work are going to be separated from companies. It's all going to be much more modular with companies becoming platforms". Further, Friedman ideated two terms with reference to the new age workforce: problem solvers and problem finders. The latter according to him is the necessity of the new normal AI driven workforce. Problem solvers, being knowledge driven would soon be replaced by AI while, problem finders would work on the ideation aspect and predict the needs and desires of the customers. Problem finders in other words help generate more cognitive diversity, through their knowledge intersections in non-technical fields such as sociology, anthropology etc. These terms are pertinent to our discussion on the changing trends of the new normal workspaces.

The 'problem finders' are one of the key characteristics/ job portfolios of the new normal workspace. They might not be the regular time bound job goers. They could be freelancers with a minimal yet relevant skill set. The hybrid work model cognates perfectly with this section of employees where they can collaborate through a digital platform. The post millennial generation of students may look for job security in terms of cushy placements, however, the post pandemic workspace aims at a blend of full time employees, AI intervention to supplant labor wherever it is needed and a group of qualified teenagers with a basic degree who can be trained within a very short span of time and can be inducted into a mainstream team to work collaboratively with big companies. In other words, the new normal companies especially the technical ones such as Google, IBM, Infosys etc. focus on the skills that these youngsters bring to the company. The new normal thus focuses on a multigenerational workforce with diverse skills and it is these skills that should be inculcated with the curriculum of our educational system so as to make our students relevant to the industry.

It's a common belief that our education system moves much slower in comparison to the industry, with reference to the advancements in the field. This is exemplified here wherein the need for a multigenerational workforce, which can be trained within a specific span of time and are ready to join the company with their specific skills sets can be seen in the mushrooming of Apps such as Udemy and Upgrad which provide

short term courses which address specific needs of the customers. In other words, the response to the changes in the industry are much quicker than from the academia.

The companies prefer young candidates trained to enter the workspace and work on specific projects with relative ease, in comparison to graduates who have been trained in colleges and universities, who lack learning agility when it comes to handling live and time bound projects. Universities and colleges have begun introducing online courses to supplement the already prevalent curriculum prescribed by the system perhaps only after the pandemic created a virtual divide who forced rethinking a new model of teaching-learning to reach out to the students and their needs . Most of the private universities offer undergraduate and postgraduate courses which are useful for students to land high paying job offers. However, the shift in the new normal industry which is marked through the conspicuous presence of youngsters with a diverse skill set has now aroused the need for a different set for skills for the new normal workspace. The students who graduate out of universities have now to compete with professional with a basic degree, yet specific and relevant skills. This is not to say that colleges and private universities shows incumbency, it's just that the response to the change was slower.

The Indian Government, in tandem with the growing need for youngsters with these skills, have focused on creating teaching positions such as 'Professors of Practice'. The UGC in a recent post advertised the creation of such an academic post. Basically, this position entails professionals who have spent years in the industry, would be given an opportunity to teach at Universities. UGC's decision cognates with the arguments made above to focus on skills than a degree qualification in terms of strengthening the academia and making the pedagogy relevant to the industry.

To conclude, the new normal organizations demands a fresh change of perspective: the focus has shifted from the pedagogical to the experiential, the degree although important is far surpassed by skills such as creativity, hands on experience and a zeal for entrepreneurship. The pandemic has widened the doors for equal opportunity wherein worthy professionals are not relegated to the periphery of the job line due to the lack of a degree. This is however compensated through the upskilling of the professional through relevant courses in the field, which enable them to be job ready within a very short span of time. This 'new 'normal' trend raises a set of pertinent questions: Is the academia (which includes state, central and private universities) readying its students for the new age workspace? Is it enough in terms of preparing our students for jobs of the new normal, that online courses be offered as a part of the curriculum or the students need to be trained more to face the challenges of the industry? And finally is the academia readying its students for the incursion of the new generation of professionals who compensate the lack of a higher degree through awesome professional skills? The answer to all these questions is and should an affirmative 'yes' in both word and deed. The industry has always relied on practice than pedagogy which has always been the focus of the academia. This explains the chasm between the former and the latter. However, its only through 're-skilling' our students, through internships, industry academic interactions, Alumni Meets and live projects to name a few can the academia ready the next generation for the new and newer challenges posed by the new normal industry in times to come.

# દાતા શ્રી રમણભાઈ શનાભાઈ પટેલને દાનભાસ્કર એવોર્ડ પ્રદાન




## ગીતાસારને જીવનમાં ચરિતાર્થ કરતાં વરિષ્ઠ સહકારી અગ્રણી દાતા શ્રી રમણભાઈ શનાભાઇ પટેલને દાનભાસ્કર એવોર્ડ પ્રદાન

ચારૂસેટ કેમ્પસ માટે રૂપિયા 1 કરોડનું માતબર દાન આપનાર મૂળ ચકલાસીના વતની-દાતા, વરિષ્ઠ સહકારી અગ્રણી, પ્રગતિશીલ ખેડૂત-વેપારી માતૃસંસ્થાના સ્થાપક ટ્રસ્ટી રમણભાઈ શનાભાઇ પટેલને શ્રી ચરોતર મોટી સત્તાવીસ પાટીદાર કેળવણી મંડળના ઉપક્રમે 12મી માર્ચના રોજ ચારૂસેટ કેમ્પસમાં દાનભાસ્કર એવોર્ડથી સન્માનીત કરાયા હતા.

આ પ્રસંગે અધ્યક્ષ સ્થાને માતૃસંસ્થા અને CHRFના પ્રમુખ શ્રી નગીનભાઈ પટેલ, માતૃસંસ્થા–કેળવણીમંડળના–CHRFના મંત્રી ડૉ.એમ.સી. પટેલ, CHRFના ઉપપ્રમુખ-કેળવણી મંડળના ટ્રસ્ટી વીરેન્દ્રભાઇ પટેલ, કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી સી. એ. પટેલ-અશોકભાઇ પટેલ-કિરણભાઈ પટેલ, સહમંત્રી શ્રીમતી મધુબેન પટેલ, ખજાનચી ગિરીશભાઈ સી. પટેલ, કેળવણી મંડળના ટ્રસ્ટી વિષ્ણુભાઈ પટેલ, માતૃસંસ્થા-CHRF ના સહમંત્રી શ્રી ધીરુભાઈ પટેલ, નવનીતભાઈ પટેલ, વી. એમ. પટેલ, જશભાઈ પટેલ, સી. એસ. પટેલ, CHRF ના સહમંત્રી શ્રી દિલીપભાઈ પટેલ, એડવાઈઝર ડો. બી. જી. પટેલ, દાતા રમણભાઈ શનાભાઇ પટેલના પરિવારજનો સહિત USA સ્થિતપુત્રો પ્રકાશભાઈ પટેલ અને શંભુભાઈ પટેલ, માતૃસંસ્થા–કેળવણી મંડળ-ચારુસેટ- CHRF, ચકલાસીની વિવિધ સંસ્થાઓના પદાધિકારીઓ, હોદ્દેદારો, ચારૂસેટની વિવિધ કોલેજોના પ્રિન્સીપાલો, ફેકલ્ટી, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સ્વાગત પ્રવચન કરતાં CHRFના ઉપપ્રમુખ-કેળવણી મંડળના ટ્રસ્ટી વીરેન્દ્રભાઈ પટેલે આમંત્રિતો મહેમાનો, સૌ ઉપસ્થિતોને આવકાર્યા હતા.

માતૃસંસ્થા-CHRF ના સહમંત્રી શ્રી ધીરુભાઈ પટેલે દાતા રમણભાઈ શનાભાઇ પટેલની જીવનઝરમરનો અને આમંત્રિત મહેમાનોનો પરિચય આપ્યો હતો. ત્યાર બાદ દાતા રમણભાઈ શનાભાઇ પટેલનું અને તેમના

અમેરિકાસ્થિત બે પુત્રોનું તેમજ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

ચારૂસેટ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડૉ. દેવાંગ જોશીએ ચારૂસેટ યુનિવર્સિટીના સ્થાપનાકાળથી અત્યાર સુધીનો ઇતિહાસ દર્શાવ્યો હતો અને ચારૂસેટની પ્રગતિની ઝાંખી કરાવી હતી.

દાનભાસ્કર એવોર્ડ વિષે ‘સમાજગોષ્ઠિ’ ના તંત્રી શરદ પટેલે જણાવ્યુ કે માતૃસંસ્થા, કેળવણીમંડળ અને ચારુસેટ હેલ્થકેર એન્ડ રિસર્ચ ફાઉન્ડેશનની સહિયારી સમાજયાત્રા, સહિયારી શિક્ષણયાત્રા અને સહિયારી સ્વાસ્થ્યયાત્રામાં અત્યાર સુધીમાં 2000 થી વધુ દેશવિદેશના દાતાઓના સહયોગથી રૂ. 200 કરોડ ઉપરાંતનું ફંડ પ્રાપ્ત થયું છે. જેમાં રૂ. 1 કરોડ અને તેથી વધુ રકમનું દાન આપનારા 42થી વધુ દાતાઓ સમાવિષ્ટ છે. આવા દાતાઓને કેળવણી મંડળની પરંપરા મુજબ ‘દાનભાસ્કર’ એવોર્ડ અને સન્માનપુષ્પથી નવાજવામાં આવે છે.

આ સમારંભમાં મૂળ મહેળાવના અને અમેરિકાસ્થિત દાતા અને કેળવણી મંડળના ટ્રસ્ટી વિષ્ણુભાઈ પટેલ દ્વારા ચારુસેટ કેમ્પસમાં રૂ. 1 કરોડના દાનના કમિટમેન્ટના ભાગરૂપે ચારુસેટ હેલ્થકેર એન્ડ રિસર્ચ ફાઉન્ડેશનને 48400 ડોલરનો ચેક નગીનભાઇ પટેલને એનાયત કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે આ અગાઉ વિષ્ણુભાઈ પટેલ દ્વારા રૂ. 13.05 લાખનું દાન આપવામાં આવ્યું છે.

દાનભાસ્કર એવોર્ડ અને દાતાના સન્માનપુષ્પનું વાંચન ચારૂસેટ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડૉ. દેવાંગ જોશીએ કર્યું હતું.

ડો. એમ. સી. પટેલના હસ્તે દાતા રમણભાઈ શનાભાઇ પટેલને સન્માનપત્ર અર્પણ કરાયું હતું અને શાલ ઓઢાડીને સન્માન કરાયું હતું અને શ્રી નગીનભાઈ પટેલના હસ્તે દાનભાસ્કર એવોર્ડ અર્પણ થયો હતો.

ઉલ્લેખનીય છે કે મૂળ ચકલાસીના વતની અને વરિષ્ઠ સહકારી અગ્રણી રમણભાઈ શનાભાઇ પટેલે પોતાના જીવનકાળમાં વિવિધ સામાજિક-સેવાભાવી-શૈક્ષણિક સંસ્થાઓમાં સેવા આપી છે તેમજ સહકારી મંડળીઓમાં અને ચકલાસી નગર પંચાયત-ખેડા જિલ્લા પંચાયતમાં ઉચ્ચ હોદ્દાઓ પર ફરજ બજાવી છે. તેઓ પ્રગતિશીલ ખેડૂત તરીકે આજીવન ખેડૂતોના હિત માટે કાર્યરત રહ્યા છે તેમજ બીજાને સદાય મદદરૂપ થયા છે. સમાજ માટે કઇંક કરી છૂટવાની તેમની ભાવનાથી તેઓ સમાજસેવા કરી રહ્યા છે તેઓ માને છે કે દરેક વ્યક્તિએ પોતાની કુલ આવકનો લગભગ 10 ટકા હિસ્સો તો સમાજસેવામાં વાપરવો જોઈએ. આ વાત ચરિતાર્થ કરતાં તેમણે વતન ચકલાસીમાં વિકાસ માટે વિવિધ પ્રોજેકટો માટે શૈક્ષણિક અને ધાર્મિક સ્થળોમાં દાન આપ્યું છે. તેમણે સંતરામ મંદિર નડિયાદ, વાંસદા આશ્રમ ડાંગ દ્વારા ચાલતી વિવિધ પ્રવૃતિઓમાં દાન આપ્યું છે. તેમણે ગીતા સાર પોતાના હદયમાં ઉતારી જીવનમાં સાકાર કર્યો છે. તેમણે માતૃસંસ્થાના સ્થાપક ટ્રસ્ટી તરીકે 3 દાયકાથી વધુ સમય સુધી સેવા આપી છે. તેમણે ચમોસ પરિવારના સમાજ છાત્રાલય, સમાજવાડી, કેળવણી મંડળ-એજ્યુકેશન કેમ્પસ આણંદ અને ચારુસેટ કેમ્પસ ચાંગામાં દાનનો પ્રવાહ વહેવડાવ્યો છે અને કુલ રૂ. 1 કરોડ 6 લાખનું માતબર દાન આપ્યું છે.

દાતા પરિવારના પ્રકાશભાઈ પટેલ અને શંભુભાઈ પટેલે કહ્યું કે અમે સદનસીબ છીએ કે આ પરિવારમાં અમારો જન્મ થયો છે. અમારા માટે તેમણે નાની વયે ખેતરમાં કામ કર્યુ અને અમને ભણાવી ગણાવી વિદેશમાં સ્થાયી કર્યા

દાતા રમણભાઈ પટેલે સન્માનનો પ્રતિભાવ વ્યક્ત કરતા જણાવ્યુ હતું કે મારી દાન આપવાની ફરજ હતી અને મેં આ દાન આપ્યું છે. મારા પિતાએ શીખવાડેલું કે આબરુ મુઠ્ઠીમાં રાખી દાન આપવું. મેં શૂન્યમાંથી સર્જન કર્યું છે હિમ્મતથી ધંધો કર્યો છે જીવનમાં કોઇની

સામે હાથ લાંબો કર્યો નથી મેં વિચાર કર્યો નહોતો કે હું કરોડપતિ થઈશ. મેં ગીતાસાર જીવનમાં અપનાવ્યો છે અને મારી કમાણીના 10 ટકા હિસ્સો દાન કરું છુ. મારી કમાણીમાંથી જ હું દાન આપું છુ મને વારસાઈમાં સંસ્કારો મળ્યા છે જે સંતાનોને આપ્યા છે.

કિરણભાઈ પટેલે જણાવ્યુ કે રમણકાકાએ 40 વર્ષ સમાજસેવામાં વિવિધ પ્રવૃતિઓ કરી છે અને તેમના જ્ઞાન અનુભવનો અમને લાભ મળ્યો છે. રમણકાકાએ ચાંગાને કર્મભૂમિ બનાવી છે ત્યારે તેમના દીકરાઓ પણ ચારુસેટ માટે દાનનો પ્રવાહ ચાલુ રાખશે તેવી આશા છે. ચારુસેટ હોસ્પિટલના ચીફ ઓપરેટિંગ ઓફિસર ડો. ઉમાબેન પટેલે જણાવ્યુ કે રમણકાકાની સમાજને મૂંગા મોઢે દાન આપવાની શૈલી પ્રેરણાદાયી છે. અમેરિકાસ્થિત પ્રો. ચંદ્રકાંત પટેલે જણાવ્યુ કે પાટીદારોના ભેખ અને ત્યાગના કારણે ચારુસેટ સમાજ-દેશ માટે વિશિષ્ટ યુનિવર્સિટી બની છે. વિષ્ણુભાઈ પટેલ, વી. એમ. પટેલ, જશભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

ડો. એમ. સી. પટેલે કહ્યું કે ચકલાસીના ગંગનાથ મહાદેવથી શરૂ થયેલી માતૃસંસ્થાની યાત્રા ચારુસેટ કેમ્પસ સુધી વિસ્તરી છે અને આ યાત્રા સતત આગળ ધપે તેવી આશા છે.

અધ્યક્ષસ્થાનેથી શ્રી નગીનભાઈ પટેલે જણાવ્યું કે ચકલાસી, ચાંગા, ચરો, ચારુસેટ વગેરે માટે 'ચ' શબ્દ આપણા સમાજ માટે શુકનિયાળ છે તેનું ગૌરવ છે. ભવિષ્યમાં સમાજ તરફથી હજુ વધુ દાન પ્રાપ્ત થાય અને વધારે દાન ભાસ્કર એવોર્ડ આપી શકીએ તેવી આશા છે.

આ પ્રસંગે ચકલાસી અને બોરિયાવીની વિવિધ સંસ્થાઓ દ્વારા દાતા રમણભાઈનું સન્માન કરવામાં આવ્યું હતું.

BDIPS ના પ્રિન્સીપાલ ડો. દર્શન પટેલે આભારવિધિ કરી હતી. સમારંભનું સંચાલન I2IMના આસિસ્ટન્ટ પ્રોફેસર લિપિ આચાર્ય અને વિજય મકવાણાએ કર્યું હતું.

## વિદેશમાં રહીને વતનનું ઋણ અદા કરતાં અમેરિકાસ્થિત ઉદ્યોગપતિ-દાતા શ્રી વીરેન્દ્રભાઈ પટેલને દાનભાસ્કર એવોર્ડ પ્રદાન




ચારૂસેટ કેમ્પસ માટે રૂપિયા 1 કરોડનું માતબર દાન આપનાર મૂળ ચાંગાના વતની, ચારુસેટ હેલ્થકેર એન્ડ રિસર્ચ ફાઉન્ડેશનના ઉપપ્રમુખ-કેળવણી મંડળના ટ્રસ્ટી-ચારુસેટ એજ્યુકેશનલ ફાઉન્ડેશન USAના

સ્થાપક તેમજ અમેરિકાસ્થિત અગ્રણી ઉદ્યોગપતિ વીરેન્દ્રભાઈ પટેલને શ્રી ચરોતર મોટી સત્તાવીસ પાટીદાર કેળવણી મંડળના ઉપક્રમે 19મી માર્ચના રોજ ચારૂસેટ કેમ્પસમાં દાનભાસ્કર એવોર્ડથી સન્માનીત કરાયા હતા.

આ પ્રસંગે અધ્યક્ષ સ્થાને આ પ્રસંગે કેળવણી મંડળ-ચારુસેટના પ્રમુખ શ્રી સુરેન્દ્ર પટેલ, માતૃસંસ્થા અને CHRFના પ્રમુખ શ્રી નગીનભાઈ પટેલ, માતૃસંસ્થા–કેળવણીમંડળના–CHRFના મંત્રી ડૉ.એમ.સી. પટેલ, કેળવણી મંડળના ટ્રસ્ટી અને દુબઈ સ્થિત અગ્રણી દાતા શ્રી મનુભાઈ પી. ડી. પટેલ, કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી સી. એ. પટેલ- કિરણભાઈ પટેલ, સહમંત્રી શ્રીમતી મધુબેન પટેલ, ખજાનચી ગિરીશભાઈ સી. પટેલ, કેળવણી મંડળના ટ્રસ્ટી વિષ્ણુભાઈ પટેલ, માતૃસંસ્થા-CHRF ના સહમંત્રી શ્રી ધીરુભાઈ પટેલ, નવનીતભાઈ પટેલ, વી. એમ. પટેલ, જશભાઈ પટેલ, CHRF ના સહમંત્રી શ્રી દિલીપભાઈ પટેલ, એડવાઈઝર ડો. બી. જી. પટેલ, દાતા વીરેન્દ્રભાઈ પટેલના પરિવારજનો પત્ની સંગીતાબેન સહિત USA સ્થિતપુત્ર સમીરભાઈ પટેલ અને તેમના પત્ની ખ્યાતિબેન પટેલ, ચારુસેટ હોસ્પિટલના CEO ડો. ઉમાબેન પટેલ, માતૃસંસ્થા–કેળવણી મંડળ-ચારુસેટ- CHRF, ચાંગાની વિવિધ સંસ્થાઓના પદાધિકારીઓ, હોદેદારો, ચારૂસેટની વિવિધ કોલેજોના પ્રિન્સીપાલો, ફેકલ્ટી, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શરૂઆતમાં ચારુસેટ બેન્ડના સભ્યો પાર્થ રાવલ અને કુમકુમ સોનીએ પ્રાર્થના રજૂ કરી હતી. સ્વાગત પ્રવચન કરતાં કેળવણી મંડળના ઉપપ્રમુખ કિરણભાઈ પટેલે આમંત્રિતો મહેમાનો, સૌ ઉપસ્થિતોને આવકાર્યા હતા.

માતૃસંસ્થા-CHRF ના સહમંત્રી શ્રી ધીરુભાઈ પટેલે દાતા વીરેન્દ્રભાઈ પટેલની જીવનઝરમરનો અને આમંત્રિત મહેમાનોનો પરિચય આપ્યો હતો. ત્યાર બાદ દાતા વીરેન્દ્રભાઈ પટેલ, તેમના પત્ની સંગીતાબેન સહિત USA સ્થિતપુત્ર સમીરભાઈ પટેલ અને તેમના પત્ની ખ્યાતિબેન પટેલ તેમજ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

ચારૂસેટ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો. આર. વી. ઉપાધ્યાયે ચારૂસેટ યુનિવર્સિટીની પ્રગતિની ઝાંખી કરાવી હતી.

દાનભાસ્કર એવોર્ડ વિષે ‘સમાજગોષ્ઠિ’ ના તંત્રી શરદ પટેલે જણાવ્યુ કે માતૃસંસ્થા, કેળવણીમંડળ અને CHRFની સહિયારી સમાજયાત્રા, સહિયારી શિક્ષણયાત્રા અને સહિયારી સ્વાસ્થ્યયાત્રામાં અત્યાર સુધીમાં 2000 થી વધુ દેશવિદેશના દાતાઓના સહયોગથી રૂ. 200 કરોડ ઉપરાંતનું ફંડ પ્રાપ્ત થયું છે. જેમાં રૂ. 1 કરોડ અને તેથી વધુ રકમનું દાન આપનારા 42 દાતાઓ સમાવિષ્ટ છે. જેઓને કેળવણી મંડળની પરંપરા મુજબ ‘દાનભાસ્કર’ એવોર્ડ અને સન્માનપુષ્પથી નવાજવામાં આવે છે.

દાનભાસ્કર એવોર્ડ અને દાતાના સન્માનપુષ્પનું વાંચન ચારૂસેટ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડૉ. દેવાંગ જોશીએ કર્યું હતું.

શ્રી નગીનભાઈ પટેલના હસ્તે દાતા વીરેન્દ્રભાઈ પટેલને સન્માનપત્ર અર્પણ કરાયું હતું અને શાલ ઓઢાડીને સન્માન કરાયું હતું અને કેળવણી મંડળ-ચારુસેટના પ્રમુખ શ્રી સુરેન્દ્ર પટેલના હસ્તે દાનભાસ્કર એવોર્ડ અર્પણ થયો હતો.

આ પ્રસંગે ચાંગા અને મહોળેલની વિવિધ સંસ્થાઓ ચાંગા કેળવણી મંડળ, પટેલ સમાજ ચાંગા, ચાંગા પટેલ વાડી, ઇંગ્લિશ સ્કૂલ ચાંગા વગેરે દ્વારા દાતા વીરેન્દ્રભાઈ પટેલ, સંગીતાબેન, સમીરભાઈ અને ખ્યાતિબેનનું સન્માન કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે મૉટેલ બિઝનેસમાં વર્ષોથી સંકળાયેલા શ્રી વીરેન્દ્રભાઈ પટેલ 50 વર્ષથી અમેરીકામાં

સ્થાયી થયા છે અને સમાજને પરત આપવાની ભાવનાથી વતન ચાંગામાં ચારુસેટ સંસ્થા સાથે 2005 માં જોડાયા, ત્યાર બાદ 2009માં કેળવણી મંડળમાં ટ્રસ્ટી તરીકે જોડાયા. ચારુસેટ કેમ્પસની વિવિધ પ્રવૃતિઓ માટે અમેરિકાથી દાનનો પ્રવાહ વહે તે માટે તેમણે 2012માં અમેરીકામાં ચારુસેટ એજયુકેશનલ ફાઉન્ડેશનની સ્થાપના કરી. તેઓ 2015 થી CHRF ના ઉપપ્રમુખ છે. જન સેવા એ જ પ્રભુ સેવા અને "Work hard and Serve the Society" માં માનતા શ્રી વીરેન્દ્રભાઇ અને સંગીતાબેન સમાજ માટે કઇંક કરી છૂટવાની ભાવનાથી સમાજસેવા કરી રહ્યા છે. તેમણે ચારુસેટ કેમ્પસમાં દાનનો પ્રવાહ વહેવડાવ્યો છે અને કુલ રૂ. 1 કરોડ 44 લાખથી વધુ રકમનું માતબર દાન આપ્યું છે. જેમાં ચારુસેટ હોસ્પિટલ માટે રૂ. 1 કરોડ 19 લાખથી વધુ દાન, પેશન્ટ વેલ્ફેર ફંડ માટે રૂ. 7.29 લાખ, ગોલ્ડ મેડલ એન્ડોવમેન્ટ ફંડ માટે રૂ. 5 લાખનો સમાવેશ થાય છે.

દાતા વીરેન્દ્રભાઇ પટેલે સન્માનનો પ્રતિભાવ વ્યક્ત કરતા જણાવ્યુ હતું કે સન 2000માં ચાંગામાં ચારુસેટ કેમ્પસનો પાયો ખોદાયો અને ચાંગાએ ચરાની જમીન દાનમાં આપી હતી ત્યારથી ચારુસેટ કેમ્પસની વિકાસયાત્રા શરૂ થઇ છે જે આજ દિન સુધી દેશવિદેશમાં ખ્યાતનામ છે. ચાંગાની ભૂમિ પુણ્ય ભૂમિ છે એટ્લે ક્યારેય કોઇ કામ અટકયું નથી. સમાજના, સમાજ બહારના, દેશ વિદેશના દાતાઓ દ્વારા દાન મળતું રહ્યું છે ને તેમાંથી પ્રેરણા લઈ બીજા દાતાઓ દાન આપતા રહે છે. સંસ્થાની સારી ઇમેજ, શાખ, વિશ્વસનીયતાના કારણે દાન પ્રાપ્ત થતું રહે છે દાતાઓ અને સમર્થકોના સહકારથી આજે ચારુસેટ દેશવિદેશમાં નામના ધરાવે છે તેનું ગૌરવ છે.

દાતા પરિવારના સમીરભાઇ પટેલે એવોર્ડ બદલ આભાર વ્યક્ત કરતાં કહ્યું કે મારા પિતાજીએ સમાજ માટે ખૂબ જ કર્યું છે અને દરેકને સહાયરૂપ થયા છે અને અમને તેમના માટે ગર્વ છે. અમને સદાય તેમનો પ્રેમ મળ્યો છે. તેમનું જીવન ચારુસેટ અને સેવાકાર્યો માટે સમર્પિત છે.

વિષ્ણુભાઇ પટેલ, ડો. બી. જી. પટેલ, અમેરિકાથી ડો. અનિલ પટેલ વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

ડો. એમ. સી. પટેલે કહ્યું કે ગ્લોબલ લેવલનું વિઝન ધરાવતા વિરેન્દ્રભાઇએ 27 ગામનું નામ વિશ્વ ફલક પર રોશન કર્યું છે જેનું અમને ગૌરવ છે. અમારા બંનેની જોડીએ એકમેકના પૂરક બની સહિયારી યાત્રામાં સાથસહકાર આપી આગળ ધપાવી છે ત્યારે આપણે હજુ વધુ સપના સાકાર કરવાના છે.

શ્રી નગીનભાઇ પટેલે જણાવ્યું કે સમાજ સદાય વિરેન્દ્રભાઇનો ઋણી રહેશે. સમાજ માટે દાન મેળવવા તેઓ હમેશા પ્રયાસો કરતાં રહે છે અને સફળતા મેળવી છે. 1895માં સ્થપાયેલ સમાજે માતૃસંસ્થાથી ચારુસેટ કેમ્પસ સુધી જે પ્રગતિ કરી છે તે યાદગાર છે. હજુ વધુ વિકાસ કરીશું તે માટે તમારો સાથસહકાર જોઈશે. અમારા વિકાસમાં ભાગીદાર બનો તેવી આશા છે.

અધ્યક્ષસ્થાનેથી શ્રી સુરેન્દ્ર પટેલે કહ્યું કે વિરેન્દ્રભાઇએ દાન આપવાની સાથે સાથે વિદેશમાં રહીને દાન એકઠું કરવાની કામગીરી કરી છે તે અગત્યની બાબત છે. વિદેશમાં જઈને ચારુસેટની ચિંતા કરવી, દાતાઓનો સંપર્ક કરવો, દાન લાવવું, ફાઉન્ડેશનની સ્થાપના કરવી વગેરે કામ વીરેન્દ્રભાઇએ સફળતાપૂર્વક કર્યું છે તે બદલ ચારુસેટ તેમનો આભાર માને છે. વીરેન્દ્રભાઇ જેવા દાતાઓના સહયોગથી આ સંસ્થા સતત ચાલી રહી છે ત્યારે તેઓ આ કામગીરી આગળ વધારે તેવી આશા છે.

સહમંત્રી શ્રીમતી મધુબેન પટેલે આભારવિધિ કરી હતી. સમારંભનું સંચાલન I2IMના આસિસ્ટન્ટ પ્રોફેસર વિજય મકવાણા અને મૈનવી પટેલે કર્યું હતું.

# ચારૂસેટ યુનિવર્સિટીમાં સતત આઠમા વર્ષે લિબરલ આર્ટ્સનો વર્કશોપ

## પ્રોફેશનલ વિદ્યાશાખાઓના પ્રથમ વર્ષના 2000 જેટલા વિદ્યાર્થીઓએ વિવિધ કોર્સનો અભ્યાસ કર્યો

ચાંગા: ચારૂસેટ યુનીવર્સીટીમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેના નવીનતમ પગલા અને પ્રયોગરૂપે સતત આઠમા વર્ષે આયોજિત ત્રણ દિવસીય લીબરલ આર્ટ્સના વર્કશોપમાં પ્રોફેશનલ વિદ્યાશાખાઓના પ્રથમ વર્ષના 2000 જેટલા વિદ્યાર્થીઓએ વિવિધ કોર્સનો અભ્યાસ કર્યો હતો. ચારૂસેટ યુનીવર્સીટીમાં ઈન્દુકાકા ઈપ્કોવાલા ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ (IIIM) અંતર્ગત સંચાલિત હ્યુમાનીટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ વિભાગ હેઠળ પેઈન્ટીંગ, ફોટોગ્રાફી, મીડિયા એન્ડ ગ્રાફીક ડીઝાઇન, ડાન્સ અને ડ્રામા જેવા લિબરલ આર્ટ્સના કોર્સીસનો સમાવેશ કરવામાં આવેલ છે. આ 5 કોર્સીસમાંથી વિદ્યાર્થીઓ કોઇ 1 કોર્સ પસંદ કરે છે જેનું શૈક્ષણિક કાર્ય વર્કશોપ મોડમાં કરવામાં આવે છે. આ કોર્સના શૈક્ષણિક કાર્યના ભાગરૂપે આ વર્ષે 23 થી 25 માર્ચ સુધી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચારૂસેટના પ્રોવોસ્ટ ડો. આર. વી. ઉપાધ્યાયે જણાવ્યું હતું કે ચારૂસેટના વિદ્યાર્થીઓની સફળ કારકિર્દી માટે જરૂરી એવા તમામ કૌશલ્યો શીખવાની સાથે સાથે સર્વાંગી વિકાસ પામે તેવું સ્વપ્ન ચારૂસેટના પ્રમુખ શ્રી સુરેન્દ્ર પટેલે સેવ્યું છે. આ સ્વપ્નને સાકાર કરવા અને ચારૂસેટને ‘વર્લ્ડ ક્લાસ યુનીવર્સીટી’ બનાવવાના મુખ્ય ઉદેશ્યને પ્રાપ્ત કરવા યુનીવર્સીટીમાં નવીનતમ પગલા લેવામાં આવી રહ્યા છે. આમાંનું એક અભૂતપૂર્વ પગલું એટલે કોર્સીસ ઓફ લીબરલ આર્ટ્સ.

ચારૂસેટના રજીસ્ટ્રાર શ્રી દેવાંગ જોશીના જણાવ્યા અનુસાર ‘સર્વગ્રાહી શિક્ષણ’ થકી જ વિદ્યાર્થીઓનો પર્સનલ, પ્રોફેસલ અને સોશિયલ એમ ત્રણ ક્ષેત્રે વિકાસ થઇ શકે. આ હેતુને સિધ્ધ કરવા IIIM માં ડીપાર્ટમેન્ટ ઓફ હ્યુમાનીટીઝ એન્ડ સોશ્યલ સાયન્સીઝ વિભાગની સ્થાપના કરવામાં આવી છે જેના હેઠળ યુનિવર્સિટીના વિવિધ વિદ્યાશાખાઓના વિદ્યાર્થીઓને મુલ્યો અને નીતિમત્તા, ક્રિએટીવીટી, પ્રોબ્લેમ સોલ્વિંગ એન્ડ ઇનોવેશન, એકેડેમિક રાઈટીંગ, કમ્યુનીકેશન સ્કીલ્સ વગેરે જેવા વ્યક્તિત્વ વિકાસ માટે જરૂરી અભ્યાસક્રમો ચાલે છે.

જેમના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ આ વર્કશોપનું સંચાલન કરવામાં આવ્યું હતું તેવા કોલેજના પ્રિન્સિપાલ ડો. ભાસ્કર પંડયાએ જણાવ્યું હતું કે “સતત આઠમા વર્ષે આયોજિત આ વર્કશોપમાં 46 લિબરલ આર્ટ્સના તજજ્ઞો, 11 કોર્સ કોર્ડીનેટર, 22 ઇન્સ્ટીટયુટ ફેકલ્ટી કોર્ડીનેટર અને 40 સ્ટુડન્ટ વોલેન્ટીઅરના માર્ગદર્શન અને મેનેજમેન્ટ હેઠળ બી. ટેક., બી. બી. એ., બી. સી. એ., બી. એસ. સી. (IT), બી. એસ. સી. , પેરા મેડીકલના 2000 જેટલા વિદ્યાર્થીઓએ વર્કશોપમાં ભાગ લીધો હતો. આગામી વર્ષોમાં વધુ નવા કોર્સીસનો સમાવેશ કરી યુનીવર્સીટીના આ પ્રયોગને વધુ આગળ ધપાવી વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ અને કૌશલ્યોનો વિકાસ કરવામાં આવશે.

આ વર્કશોપ હેઠળ ભારતના શ્રેષ્ઠતમ કળાવિજ્ઞાનના કલાકારો અને તજજ્ઞોમાં ગુજરાતના સૌથી વધારે એવોર્ડ વિજેતા ફોટોગ્રાફર સુરેશ પારેખ ઉપરાંત સુનીલ આડેસરા, ખ્યાતમાન ચિત્રકાર શ્રી કનુ પટેલ, વલ્લભ વિદ્યાનગર સ્થિત સી.વી.એમ. કોલેજ ઓફ ફાઇન આર્ટ્સના પ્રાધ્યાપકો ઉપરાંત અન્ય રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખ્યાતી ધરાવતા અને પુરસ્કાર વિજેતા ફોટોગ્રાફરો, ચિત્રકારો, ડાન્સ-ડ્રામા કોરિયોગ્રાફર્સ અને ડીઝાઇનરોનો સમાવેશ થાય છે. ખ્યાતનામ ડિરેક્ટર-એક્ટર-રાઇટર કમલ જોશી કે જેમણે 400થી વધુ ફિલ્મો તેમજ થીયેટર વર્કશોપ કરેલા છે, 200થી વધુ નાટકોનું દિગ્દર્શન કર્યું છે, 1500થી વધુ સ્ટેજ પર્ફોર્મન્સ આપ્યા છે તેમજ 2000 થી વધુ ટીવી એપિસોડ્સ જેવા કે એક ડાળના પંખી, એક મહેલ હો સપનો કા, સંક્રાંતિ, સાથ સાથ કરેલા છે તેવોએ પણ ભાગ લીધો હતો. તેઓને તેમના માતબર પ્રદાન બદલ 50થી વધુ રાજ્ય-રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ મળ્યા છે. આ ઉપરાંત ફ્રીલાન્સ ફોટોગ્રાફર, નવગુજરાત કોલેજ અમદાવાદ, સેપ્ટ યુનિવર્સિટી અમદાવાદ તેમજ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીના ફાઇન આર્ટ્સ કોલેજના વીઝીટીંગ પ્રોફેસર સમીર પાઠકે સેવા આપી હતી.

આ વર્કશોપના સંચાલન અને શૈક્ષણિક કાર્ય સાથે શરૂઆતથી જ જોડાયેલ આંતરાષ્ટ્રીય ખ્યાતી ધરાવતા પેઇન્ટર અને રંગમંચના જાણીતા કલાકાર શ્રી કનુ પટેલે ચારૂસેટના આ પગલાને બિરદાવતા કહ્યું હતું કે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે લિબરલ આર્ટ્સના અભ્યાસક્રમોને ક્રેડીટ કોર્સીસ તરીકે મુખ્ય અભ્યાસક્રમોમાં આટલા મોટા પાયે સમાવેશ કરવામાં આવે તેવું દેશની કોઇ યુનીવર્સીટીમાં પ્રથમવાર જોવા મળ્યું છે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા સતત આઠ વર્ષથી આ કોર્સીસ અભ્યાસ કરાવવાનું અત્યંત સફળ આયોજન થઇ રહ્યું છે.



ઘર વગરની મા અને મા વગરનું ઘર કદીય ના થશો. - અજ્ઞાત

# શૈક્ષણિક સંકુલ - આણંદ

**કો-ઓર્ડિનેટર :** શ્રી ચિરાગભાઈ સી. પટેલ

## ડી. ઝેડ. પટેલ (રામોલ / લંડન) હાયર સેકન્ડરી સ્કૂલ, આણંદ.

પ્રિ. ઠાકોરભાઈ પટેલ — પ્રિ. શ્રીમતી તેજલ જાની

1. તા. 05-03-2022ના રોજ ધોરણ 9 અને 11ના વિદ્યાર્થીઓ ચાંગા કેમ્પસની મુલાકાતે ગયા હતા. એન્જીનીયરીંગ, ફીઝીક્સ, કેમેસ્ટ્રી, ડીપાર્ટમેન્ટ, ફીઝીયોથેરાપી, નર્સીંગ ડીપાર્ટમેન્ટની કાર્યવાહી અને અભ્યાસને લગતી માહિતી વિદ્યાર્થીઓએ મેળવી હતી. ચાંગા કોલેજ કેમ્પસના હોદ્દેદારો અને ફેકલ્ટી મેમ્બર્સનો સારો સહકાર મળ્યો હતો.
2. તા. 11-03-2022ના રોજ બોરીયાવી શાળાના વિદ્યાર્થીઓ શાળાની મુલાકાતે આવ્યા હતા. વિદ્યાર્થીઓને શાળાની માહિતી, શાળાની પ્રયોગશાળાઓ બતાવી હતી અને ધોરણ 11માં આ શાળામાં પ્રવેશ લેવા પ્રોત્સાહિત કર્યા હતા.
3. તા. 08-03-2022ના રોજ 'વિશ્વ મહિલા દિવસ' નિમિત્તે શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા પોલીસ સ્ટેશન, ડી.ઇ.ઓ. કચેરી, આરોગ્ય કેન્દ્ર, જિલ્લા પંચાયત, વિદ્યાનગર આરોગ્ય કેન્દ્ર, આણંદ નગરપાલિકા કચેરીના મહિલા કર્મચારીઓનું પુષ્પગુચ્છ તેમજ શુભેચ્છા પત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતુ. શાળાના આચાર્યા શ્રીમતિ તેજલ જાનીએ શાળાની શિક્ષિકાઓને પુષ્પ આપી, મહિલા દિવસની શુભકામનાઓ આપી હતી. આજના સમયમાં સમાજના વિવિધ કાર્યક્ષેત્રમાં પોતાનું યોગદાન પ્રદાન કરતી મહિલાઓનું સન્માન એ વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બની રહે છે.
4. તા. 12-03-2022 દાંડીયાત્રા વિશે ધોરણ 9માં માહિતી આપવામાં આવી હતી.
5. તા. 13-03-2022ના રોજ ડભોઉ બી.બી. પટેલ હાઈસ્કૂલમાં ધોરણ 1 થી 8 અંગ્રેજી માધ્યમ તેમજ ધોરણ 11 અને 12 સાયન્સ કોમર્સના એડમિશનના માર્કેટિંગ સંદર્ભે શાળાના શિક્ષકો ગયા હતા. ત્યાં આપણી શાળાના તથા ચાંગાના વિવિધ ડિપાર્ટમેન્ટના ફેકલ્ટી દ્વારા તે શાળા/ગામના વિદ્યાર્થીઓ માટે રસાયણ, ભૌતિક અને જીવ વિજ્ઞાનના પ્રયોગો, સ્પોકન ઇંગ્લીશ, ડ્રોઇંગ, ડ્રામા, ડાન્સ, ક્રાફ્ટ વગેરેનું નિદર્શન કરવામાં ાવ્યું હતું. વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી ફોલ્ડર, પેન તેમજ વિવિધ પ્રવૃત્તિમાં ભાગ લેવા બદલ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. આ એક દિવસીય કાર્યક્રમમાં શ્રી ચરોતર મોટી સત્તાવીસ પાટીદાર કેળવણી મંડળના સહમંત્રી વિપુલભાઈ પટેલ, શૈક્ષણિક સંકુલ, આણંદના એક્ઝીક્યુટીવ કાઉન્સીલના કૉ-ઓર્ડિનેટરશ્રી ચિરાગભાઈ પટેલ તેમજ સભ્ય શ્રીમતી બિંદુબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. રાત્રી ભોજનનું આયોજન શ્રી વિપુલભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.
6. ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓ માટે શાળામાં વિદાય-માન સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી ચરોતર મોટી સત્તાવીસ પાટીદાર કેળવણી મંડળના પ્રમુખશ્રી સુરેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ધોરણ 10માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવનાર વિદ્યાર્થીઓને રોકડ પારિતોષિક તેમજ વર્ષભર કરેલી વિવિધ પ્રવૃત્તિઓના વિજેતાઓએ આ શાળામાં વિતાવેલા વર્ષોને યાદ કરીને શાળાનો અભિપ્રાય આપ્યો હતો. શ્રી સુરેન્દ્રભાઈ પટેલે ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓને આગામી જાહેર પરીક્ષા માટે શુભેચ્છાઓ આપી હતી. સમારંભના અંતે, સૌએ સાથે મળીને પ્રીતિ ભોજન માણ્યું હતું.
7. ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓની હૉલ-ટિકીટનું વિતરણ શાળામાં વાલીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.
8. ધોરણ 9 અને 11ના પ્રાયોગિક પરીક્ષાની કામગીરી પૂર્ણ થઈ અને તા. 29/03/2022 થી ધોરણ 9 અને 11ની વાર્ષિક પરીક્ષા શરૂ થશે.
9. ધોરણ 10ની બોર્ડની પરીક્ષા તા. 28/03/2022થી શરૂ થનાર છે અને આ શાળામાં બોર્ડનું કેન્દ્ર છે તેને લગતી તૈયારી અને કાર્યવાહી સંપન્ન થઈ.
10. તા. 28/03/2022થી શરૂ થયેલ ધોરણ 10ની બોર્ડની પરીક્ષા માટે વિદ્યાર્થીઓને અન્ય કેન્દ્ર સુધી લઈ જવા તથા લાવવાની શાળા અને ચારૂસેટ તરફથી બસની સુવિધા પૂરી પાડવામાં આવી હતી.

# ચરોતર યુનિવર્સિટી ઑફ સાયન્સ ઍન્ડ ટૅકનોલૉજી

**શ્રી હસમુખભાઇ પટેલ**, ડેપ્યુટી રજીસ્ટ્રાર, ચારૂસેટ
**પ્રૉ. કૌશિક ત્રિવેદી**, આસી. પ્રોફે., ચારૂસેટ
**પ્રિ. ભૂપેન્દ્ર આર. પટેલ**
**ડૉ. અતુલ પટેલ,** પ્રિ. CMPICA, ચારૂસેટ

## ચારૂસેટમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી નિમિત્તે વિવિધ કાર્યક્રમો: વિમેન્સ જિમ્નેશિયમનું ઉદ્‌ઘાટન

ચાંગા સ્થિત વિખ્યાત ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (ચારૂસેટ યુનિવર્સિટી) સંલગ્ન વિમેન્સ ડેવલપમેન્ટ સેલ દ્વારા ૪મી માર્ચ, મંગળવારે આંતરરાષ્ટ્રીય મહિલા દિનની વિવિધ કાર્યક્રમો થકી ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષે ‘ Gender equality today for a sustainable tomorrow’ થીમ પર આંતરરાષ્ટ્રીય મહિલા દિન ઉજવાયો હતો.

આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી અંતર્ગત ચારુસેટ ગર્લ્સ હોસ્ટેલ કોમ્પ્લેક્સમાં વિમેન્સ જિમ્નેશિયમ (યુનિવર્સિટી વિમેન્સ ફિટનેસ સેન્ટર) નું વિધિવત ઉદઘાટન શ્રી ચરોતર મોટી સત્તાવીસ પાટીદાર કેળવણી મંડળના જોઇન્ટ સેક્રેટરી શ્રીમતી મધુબેન પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. એરકન્ડીશન વિમેન્સ જિમ્નેશિયમમાં ટ્રેડ મિલ, સાયકલિંગ, લેગ પ્રેસ, મેટ બોલ, પેક ડેક મશીન, લેગ પુલ ડાઉન વગેરે કસરતના સાધનોની સુવિધા ઉપલબ્ધ છે. જિમ્નેશિયમની સ્પેસમાં પણ વધારો કરવામાં આવ્યો છે. ચારુસેટ કેમ્પસમાં આવેલી વિવિધ ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થિનીઓ, મહિલાઓ માટે આશીર્વાદરૂપ આ જિમ્નેશિયમમાં દરરોજ સવારે 6 થી 9 અને સાંજે 5 થી 7 દરમિયાન લગભગ 50 વિદ્યાર્થિનીઓ લાભ લે છે.

આ પ્રસંગે PDPIASમાં અમદાવાદના ડો. કિરીટ ત્રિવેદી દ્વારા નારીવાદ વિશે વ્યાખ્યાન યોજાયું હતું. કેમ્પસના સેન્ટ્રલ લોનમાં વિદ્યાર્થીનીઓ અને મહિલા સ્ટાફ દ્વારા વિવિધ ખાણીપીણી, ફેશન, જ્વેલરી, ક્રિએટિવ ગેમ, ચીજવસ્તુઓ વગેરેના અવનવા 80 થી વધારે સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા આ સ્ટોલની ચારુસેટના વિદ્યાર્થી ભાઇ બહેનો અને સ્ટાફે મુલાકાત લઈ આનંદ માણ્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા મનપસંદ ચીજવસ્તુઓનું વેચાણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો દર્શાવતાં જણાવ્યુ હતું કે સ્ટોલ કરવાથી તેમને માર્કેટિંગ, બિઝનેસ, પ્રોફિટ-લોસ, એરેન્જમેન્ટ વગેરેનો અનુભવ પ્રાપ્ત થયો હતો.

દરમિયાન ઇન્દુકાકા ઇપ્કોવાળા ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટના HSS વિભાગ દ્વારા શરૂ કરાયેલી પોએટ્રી ક્લબ-ચારુ કાવ્ય ધારા દ્વારા નારી તું નારાયણી પોએટ્રી મીટનું આયોજન કરાયું હતું જેમાં 70થી વધુ વિદ્યાર્થીઓ, ફેકલ્ટી, નોન ટીચિંગ સ્ટાફે ભાગ લીધો હતો. ઇન્દુકાકા ઇપ્કોવાળા ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટના NSS યુનિટ દ્વારા બુક એન્ડ ફોટો એક્ઝિબિશન યોજાયું હતું જેમાં બિઝનેસ મોડેલ્સ વિષે પોસ્ટર શોકેસ, ડિસ્પ્લે દ્વારા મહિલા એચિવર્સ, લાઇવ ક્વિઝ, વિશેષણ વૃક્ષ દર્શાવવામાં આવ્યા હતા.




